# ‘સહજ હુવા સો સાધુ ભયા’

~ જશવંત રાવલ (વરિષ્ઠ પત્રકાર અને તંત્રીશ્રી, નયા પડકાર, દૈનિક વર્તમાન પત્ર)



**સાવ** સાદા, ન વાણીનો આડંબર, ન વિદ્વાનસહજ ભારેપણું, ન સાધુનો વેશ, ન દેખાવનો ખભે ખેસ, માનવટોળામાં જાણતા ન હો તો જુદા પાડવા મુશ્કેલ લાગે એટલા સહજ, સરળ. ક્યારેક કોઈએ કહ્યું અહીં નહીં, તો ‘ભલે, ભજન માટે કોઈ નિયત બાજોઠ જરૂરી થોડો છે !’ ભેરુબંધો સાથે જુદે જઈ ભક્તિતીર્થ ઊભું કર્યું. ન કોઈ કડવાશ કે કચવાટ. સાધુપણાની અનેક ઓળખોમાં એક નવીનક્કોર ઓળખ જોડી. લેબાસે નહીં, અંતરે સાધુપણું જોડ્યું. જગતને દેખાય એનાથી જુદું ભાવજગત ભીતરે ઊભું કર્યું. આત્મજ્યોત જગવી બ્રહ્મદર્શનનો માર્ગ લીધો. વળી, માત્ર આત્મોદ્ધાર કે સ્વમોક્ષ જ નો’તો જોઈતો, પોતે પામ્યા છે એ સાથે થનાર સૌ કોઈ પામે એ માટે આકાર્યું ‘બ્રહ્મજ્યોતિ’. જશભાઈ સાહેબ એના જ્યોતિર્ધર થયા. કુબેર સંપત્તિ ધરાવતો કોઈ નિઃસ્પૃહજન ફકીરીમાં ફરે એમ ગુરુકૃપા અને અધ્યાત્મ, આત્મજ્ઞાન અને ધર્મતત્ત્વની અમાપ નિધિ હોવા છતાંય અકિંચન લાગતા અને રહેલા જશભાઈ સાહેબનો સંયોગ થાય તો તમને ‘ભગવદ્ ગીતા’ના ‘કર્મસંન્યાસયોગ’નો ૮મો અને ૯મો શ્લોક અચૂક યાદ આવે.

નૈવ કિઞ્ચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્ ।
પશ્યઞ્શૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપઞ્શ્વસન્ ॥૮॥
પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ ।
ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઈતિ ધારયન્ ॥૯॥

*(તત્ત્વને જાણનારો સાંખ્યયોગી તો જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, જમતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો તેમજ આંખો ઉઘાડતો કે મીંચતો હોવા છતાં પણ ‘સર્વ ઈન્દ્રિયો પોતપોતાના અર્થોમાં એટલે કે વિષયમાં વર્તી રહી છે’ એમ સમજી નિઃશંકપણે એમ માને છે કે હું કશું જ નથી કરી રહ્યો.)*

જશભાઈ સાહેબ કર્મયોગના સાધક છે. ગુરુ યોગીજી મહારાજે એમને ગૃહસ્થ વસ્ત્રે સાધુ કીધા. જશભાઈ સાહેબે સાધુતાથી ગૃહસ્થ વસ્ત્રો રંગી લીધાં. ભક્તિનો મારગ શૂરાનો તો ખરો જ. પણ કર્મપૂરાંનો એ એમણે સમીકરણ રચ્યું. ‘અનુપમ’ સંત, સત્સંગી કે સંયોગી નિષ્ક્રિય ભક્ત ન હોય. સંસારકાર્ય સાથેનો સહજ યોગ એ ‘અનુપમ યોગમાર્ગ’ એમણે રચ્યો. સંત ભક્તિ કરે, બ્રહ્મચર્ય પાળે, સાદું જીવન જીવે પણ સમાજને માથે બોજ ન બને. એની ઉત્પાદકતા, ઊર્જા, શક્તિનો વિનિયોગ કરે જ. અર્થ ઉપાર્જન પણ, જોકે, નિઃસ્પૃહભાવે, કશુંય ત્યાગ્યા વિના નિર્લેપપણું ભોગવાય એ ‘અનુપમયોગમાર્ગ’.

સાહેબજીએ શિવમાર્ગ તો લીધો પણ સાથે શક્તિ પણ. સ્ત્રી એ શક્તિ છે, માતૃસ્વરૂપા છે. સ્વયં નારાયણ અને જગતપિતા મહાદેવ શક્તિ સાથે જ છે. એ લક્ષ્મી રૂપે, સતી રૂપે કે સ્ત્રી રૂપે. સ્ત્રી તો પ્રકૃતિ છે. ત્રયોગુણી છે. એનો અસ્વીકાર, આભડછેટ કે અનાદર કેમ થાય? વિકાર એ સ્ત્રી થકી જ જન્મતો ભાવ છે, એ ગેરમાન્યતા સાહેબજીએ અવગણી. ‘અનુપમ યોગ’માં સ્ત્રી પૂજ્ય, ભજ્ય, આદરણીય અને અગ્રસ્થાની છે. સાધનામાં, ભક્તિમાં લિંગભેદ કેવા ? ભક્ત અને મુક્ત તો જીવાત્મા છે. પરમાત્માની પહેચાન માટે એની મથામણ છે એ સિદ્ધાંતથી સાહેબજીએ ‘શક્તિસ્થાપના’ કરી. દૃષ્ટિ જ બદલી નાખી.

જશભાઈ સાહેબે જીવન સમર્પણ કર્યું છે ઠાકોરજીને. ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણે જીવનદ્રવ્ય ધરી દીધું છે. અષ્ટપ્રહર સત ચિત આનંદમાં એમનો વિહાર આ સમર્પણને કારણે છે. ‘ભગવદ્ ગીતા’ના ૧૦મા અધ્યાયના ૯મા શ્લોકમાં એક શબ્દ છે ‘મદ્ગતપ્રાણા:’. આનો અર્થ છે ‘વાસુદેવને ખાતર જ જેમણે પોતાનું જીવન અર્પણ કરી દીધું છે તે.’ જશભાઈ સાહેબ ‘ગીતાજી’ના આ મદ્ગતપ્રાણાઃ છે.

આજે શ્રી સાહેબજીને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા D.Lit. (*Doctor of Letters*)ની માનદ પદવી અર્પણ થઈ છે. Letters એટલે સદ્વિદ્યા, આત્મવિદ્યા. જશભાઈ સાહેબનું Mission (અભિયાનકાર્ય) આત્મવિદ્યાનું છે. યુનિવર્સિટી આત્મવિદને પોંખે એ ઉત્તમ ઉપક્રમ છે.

જશભાઈ સાહેબ ‘અનહદ’ના બંદા છે. સહજ યોગી છે. એમને પીછાણીએ તો સમજાય કે...

‘સહજ હુવા સો સાધુ ભયા.’ ◆